# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

---------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી સાંજે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.

# AHD GCCI EXPO

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગુજરાત વેપાર અને ઉદ્યોગ મહામંડળ- G.C.C.I.ને રાજ્યના વિકાસ સાથે જોડાવવા માટેનું આયોજન કરવા જણાવ્યું છે. અમદાવાદના G.C.C.I. દ્વારા સાયન્સ સિટી ખાતે યોજાયેલા ગેટ 2025 એક્સ્પો કાર્યક્રમમાં ઑનલાઈન માધ્યમથી ઉપસ્થિત રહેલા શ્રી શાહે આ મુજબ જણાવ્યું હતું. તેમણે G.C.C.I.ને આગામી 25 વર્ષના આયોજનની તૈયારી કરવા તેમજ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ- MSME ક્ષેત્રને આગળ વધારવા પ્રયાસ કરવા પણ કહ્યું છે.

**(બાઈટઃ અમિત શાહ, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી)**

આ પ્રસંગે ઉપસ્થિત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સેમિ-કન્ડક્ટર ક્ષેત્રમાં ભારત પહેલો ક્રમાંક પ્રાપ્ત કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. દરમિયાન તેમણે યુવા સ્ટાર્ટ-અપ અને આંત્રપ્રિન્યોર માટે મોટા ઉદ્યોગો લીડ કરે તેવી અપીલ પણ કરી હતી.

. . . . . . . . . . . .

# CM HOMEOPATHY DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આયુષ મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી પ્રતાપરાવ જાધવની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતે હોમિયોપેથીક

સંમેલનનું ઉદ્ઘાટન કરાયું. આ સંમેલનમાં વિશ્વના 10 હજારથી વધુ પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે.

આ સંમેલનનું આયોજન સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઇન હોમિયોપેથી, નેશનલ કમિશન ફોર હોમિયોપેથી અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોમિયોપેથી દ્વારા સંયુક્ત રીતે કરાયું છે.

. . . . . . . . . . . .

# SURAT POISIONING

સુરતના કાપોદ્રામાં રત્નકલાકારોને ઝેરી દવાની અસર થતાં હોસ્પિટલમાં દાખલ કરાયેલા તમામ લોકોની તબિયત સુધારા પર છે. દવાની વધુ અસર થાય તે પહેલા જ તેઓની સારવાર શરૂ કરી દેવાઈ હતી. આ અંગે હોસ્પિટલના ડૉક્ટર પરેશ પાઘડાલે જણાવ્યું, હવે રત્ન કલાકારોની તપાસ કરીને ડિસ્ચાર્જ કરવાની કામગીરી હાથ ધરાશે.

. . . . . . . . . . . .

# ARAVALLI HEATWAVE

અરવલ્લી જિલ્લામાં હિટવેવથી બચવા જરૂરી વ્યવસ્થાઓ કરવા જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ, જેમાં પાણીની વ્યવસ્થા,

અને જાગૃતિ અભિયાનો ચલાવવા પણ તાકીદ કરવામાં આવી હતી. સાંભળીએ એક અહેવાલ.....

(વોઈસ કાસ્ટ : અંકિત ચૌહાણ)

. . . . . . . . . . . .

# AMRELI HEATWAVE

અમરેલી જિલ્લામાં હીટવેવને કારણે તાપમાનનો પારો 44 સેલ્સિયસને ડિગ્રીએ પાર પહોંચ્યો હતો. જેના કારણે બપોરના સમયે બજારોમાં કર્ફ્યૂ જેવી સ્થિતિ જોવા મળી હતી. દરમિયાન રાત્રે પણ લોકોએ ઉકળાટનો અનુભવ કર્યો હતો.

. . . . . . . . . . . .

# RAJKOT – KUNVARJI

જળ સંપતિ અને પાણી પૂરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ રાજકોટના જસદણ ખાતે કમળાપુરથી કડુકા અને મદાવા સુધીના લાંબા માર્ગનું ખાતમુહૂર્ત કર્યું. દરમિયાન તેમણે કમળાપુરમાં રૈન બસેરાનું પણ લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે શ્રી બાવળિયાએ જણાવ્યું કે, ગામડાના નાગરિકોને સારા માર્ગ અને યોગ્ય સુવિધાઓ મળી રહે તે માટે કિસાન પથ યોજના અંતર્ગત આ માર્ગનું નિર્માણ કરાશે. વધુમાં તેમણે જણાવ્યુ કે, હાલ

ઉનાળાની ઋતુમાં બહેનોને પાણીના લીધે મુશ્કેલી ન પડે અને ખેતી સમૃદ્ધ બને તે માટે વરસાદના પાણીનો સંગ્રહ કરી તળાવો ઊંડા કરવાની કામગીરી કરવામાં આવી રહી છે.

. . . . . . . . . . . .

# MEHSANA BAHUCHARAJI MELO

મહેસાણા જિલ્લાના પવિત્ર યાત્રાધામ બહુચરાજી ખાતે આજથી ચૈત્રી પૂનમના મેળાનો પ્રારંભ થયો છે. 12 એપ્રિલ સુધી ચાલનારા આ મેળામાં લાખોની સંખ્યામાં માઈ ભક્તો દર્શન કરશે. દર્શનાર્થીઓને કોઈ તકલીફ ન પડે તે માટે વહીવટી તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા કરાઈ છે. 50થી વધુ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. જ્યારે કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે 7 પી.આઈ, 16 પી.એસ.આઈ સહિત 611 પોલીસ જવાનોનો બંદોબસ્ત ગોઠવાયો છે. આ ઉપરાંત ત્રણ સ્થળોએ સેવાકેન્દ્રો સહારૂ કરાયા છે.

. . . . . . . . . . . .